# 'હા' શબ્દ એક એવી અમરવેલ છે

જ્ઞાનામૃત

બ્રહ્માકુમાર અનિલ




હા કેટલો સરળ શબ્દ છે. જાણે આ એક શબ્દમાં અનેક પ્રશ્નોનો ઉત્તર આવી જતો ન હોય? મહાભારતના પાંચ પાંડવોમાં આજ્ઞાંકિત પણાનું ભારોભાર 'હાજી' શબ્દનો પાઠ પૂરેપૂરો ભણ્યા હોય એવું લાગે છે. જ્યારે જ્યારે પણ શ્રીકૃષ્ણએ અને ગુરુજનોએ જે સૂચનો આપ્યા, જે આજ્ઞાઓ આપી એનો કદાપી નકારાત્મક પ્રતિભાવ આપ્યો નથી. બસ 'હા' શબ્દ દ્વારા આજ્ઞા પાલન કરવાનું કર્તવ્ય કરતાં રહ્યા હતાં. પરિણામ સ્વરૂપે કૌરવો પર વિજય પ્રાપ્ત કર્યો હતો.

જ્યારે કૌરવો એ 'હા' શબ્દ ને માત્ર ખુશામતમાં ખોઈ નાંખ્યો હતો. અર્થાત્ વ્યવહારનું રૂપાળું નામ આપી જૂઠી 'હા' ભણે છે તે 'હા' ના હાર્દ સુધી પહોંચી શકતી નથી. પરિણામ સ્વરૂપે કૌરવોનો પરાજય થાય છે.

જ્યારે આપણે 'હા' કહીએ છીએ ત્યારે તેમાં સામી વ્યક્તિના પ્રશ્નોનો ઉત્તર તો આવે જ છે. પણ તે સાથે સામાના અસ્તિત્વનો એકરાર પણ આવે છે. 'હા' એક એવી સંમતિ છે કે જે વ્યાપકરૂપે અદ્વૈતમાં પરિણમે છે. 'હા'નું સાચું સ્વરૂપ તો જીવનની હકારાત્મક દ્રષ્ટિમાં જોવા મળે છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિએ વાત અત્યંત સૂચક છે. ક્યાં 'ના' કહેવી એના કરતાં ક્યાં 'હા' પાડવી એ વધુ મહત્વનું છે. 'હા' ને જે જૂઠ્ઠા શબ્દરૂપે પ્રયોજે છે, એ જીવનના દંભને વધુને વધુ પોષે છે.

'હા' એક એવો એકરાર છે કે જે જીવનને જીવનના પ્રશ્નોને નવો વળાંક આપી શકે. પણ એ 'હા' યશમેનની 'હા' હોય તો એનો રણકાર બોદો નીકળે છે. ઘણીવાર તો પ્રશ્નોથી પલાયન થઈ જવા આપણે 'હા' પાડી બેસીએ છીએ. પણ 'હા' ઉચ્ચારવી કે ના ઉચ્ચારવી એમાં જ આપણી જિંદગીનો સાચો વિવેક સમાયેલો છે. 'હા' જીવનની એક રાગીતાનું સૂચન કરે છે. પણ વિચારોના અલગ અસ્તિત્વનો ઈન્કાર નથી કરતો. 'હા' ને હર્ષ સાથે વિશેષ સંબંધ છે. કારણ કે ઈન્કાર કરતાં એકરાર સાંભળવાને માનવી વધુ ટેવાયેલો છે. 'હા' માં સુખ એક ઓછી સુગંધ છે પણ દરેક વખત સુખની લહેરખી લઈને આવે છે એવું યે નથી. એ તો ક્યા પ્રકારની અને ક્યા સ્વરૂપની 'હા' છે એના ઉપર એનો ઉત્તર અવલંબે છે.

'હા' ક્યારેક આનંદની સરિતા બનીને આવે છે તો ઘણીવાર મૃગજળનો પણ ભાસ કરાવે છે. ત્યારે મૃગજળમાં મોહી પડનારા આપણે માનવીઓને મૃગજળ જેવું મીઠું ભાસે છે તેમ 'હા' પણ મીઠી લાગે છે. 'ના' એક એવો શબ્દ છે જે હજારો શબ્દોની શક્તિ ધરાવે છે. 'ના' શબ્દ કાને પડતાં જ આપણે જાણે શક્તિહીન બની જઈએ છીએ. 'ના' એક એવો ઈન્કાર છે જેનામાં જમીનદોસ્ત કરવાની અણુશક્તિ રહેલી છે. જો કે એ જ 'ના' વ્યક્તિ સમૂહના વિનાશનું કારણ પણ બની શકે છે. જેના સાચાં પરિણામો મહાભારત અને રામાયણના અનેક પ્રસંગોમાંથી આપણે 'ના' શબ્દના પ્રતિભાવથી કેવી વિનાશ જવાળાઓ પહેલાં મનમાં, પછી વાણીમાં અંતે યુદ્ધમાં પરિણમી છે. એ આપણે ભલીભાતી જાણીએ છીએ.

સામાન્ય રીતે માનવી પોતાની અપેક્ષાના ગર્ભમાં 'હા' શબ્દ સાંભળવા ટેવાયેલો છે. પણ જ્યારે એ 'ના' શબ્દ સાંભળે છે ત્યારે પોતાની ઈચ્છાનું અવસાન થયેલું માની બેસે છે. પણ આ બધા વહેવારું વલણો છે. જ્યાં સુધી 'ના' શબ્દની પાછળનું સાચું કારણ જાણવા ન મળે ત્યાં સુધી વિવેકને શૂન્ય દૃષ્ટિએ પહોંચાડવો એ જીવન માર્ગની મોટી ભૂલ છે.

'ના' અદ્વૈત છે તો 'હા' એ અદ્વૈત છે. પણ 'હા' જ્યારે ખુશામતનું ખોળિયું પહેરીને

આવે છે, ત્યારે અદ્વૈતનો આભાસ ઉત્પન્ન થાય છે અને દ્વૈત કાયમ રહે છે. 'હા' જિંદગીનું સત્ય બની શકે. જો આપણને આવરણ વિના ઉચ્ચારતા આવડતી હોય તો. 'હા' શાંતિની સર્જક બની શકે, જો તે બુદ્ધિ અને સમન્વયમાંથી પ્રકટી હોય તો. 'હા' સ્નેહની સુગંધ બની શકે, જો તે અંતસ્તલમાંથી પ્રગટી હોય તો. 'હા' એક એવી અમરવેલ છે જેના વિવેકશીલ ઉપયોગમાં જ આપણી જિંદગીની સાર્થકતા સમાયેલી છે. નકારાત્મક દૃષ્ટિવાળો માનવી જ 'હા' નો વિચાર

> 'હા' એક એવી અમરવેલ છે જેના વિવેકશીલ ઉપયોગમાં જ આપણી જિંદગીની સાર્થકતા સમાયેલી છે. નકારાત્મક દૃષ્ટિવાળો માનવી જ 'હા' નો વિચાર શૂન્ય બનીને ઉપયોગ કરે છે. સદ્‌ગુણ દૃષ્ટિવાળો માનવી તો 'હા' શબ્દને સત્યના પડઘારૂપે જ પ્રયોજે છે

શૂન્ય બનીને ઉપયોગ કરે છે. સદ્‌ગુણ દૃષ્ટિવાળો માનવી તો 'હા' શબ્દને સત્યના પડઘારૂપે જ પ્રયોજે છે. મિત્રો, ચાલો આપણે 'હા' શબ્દની અમરવેલને જીવનનું લક્ષ્ય બનાવીએ અને તેના સ્નેહની સુગંધ ચરોતરફ મહેંકાવતાં રહીએ અને હાજીનો પાઠ પાક્કો કરતા રહીએ એવી શુભ ભાવના અને શુભ કામના સાથે...

---

# જેના ઉપર આપણો કાબૂ છે

જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ગીતા

સાધુ જ્ઞાનાનંદદાસ



આ જીવ-ગુણની ચર્ચા કરીને હવે ભગવાન કૃષ્ણ સત્વ ગુણને ઉજાગર કરી રહ્યા છે, તે સમજીએ.

દૈવી ગુણમાં સત્વ અને દમ બંને તત્વો મનુષ્યના આત્મનિયંત્રણને અભિવ્યક્ત કરે છે. એક ઉદાહરણથી સમજીએ.

તપને MBA પૂર્ણ કરીને એક ફર્મમાં મેનેજરની નોકરી મેળવી. તેનો IQ ઘણો ઊંચો છે. બધી બાબતોમાં હોંશિયાર છે છતાં ધારી પ્રગતિ કરી શકતો નથી. આરામપ્રિય નથી છતાં દરેક કામ મોડેથી કરવાની એને આદત છે. ઑફિસે જવું હોય તો છેલ્લી ઘડીએ તૈયાર થાય. બહાર જવું હોય, ટ્રેન પકડવી હોય, ગમે તે કામ કરવાનું હોય, છેલી ઘડી તૈયાર થાય અને પછી દોડાદોડી કરી મૂકે.

એક દિવસે તપનને તેના બોસે પૂછ્યું, ''કેમ રોજ આવું થાય છે?'' તપને કહ્યું, ''હું રોજ વહેલા આવવાનો પ્રયત્ન કરું છું છતાં સફળતા મળતી નથી. મને લાગે છે, હવે મારા

> કોકને કડવાં વેણ કહેવાઇ ગયાં હોય પછી આપણી આ સમજણનો કોઇ અર્થ રહેતો નથી કે આપણે બોલવાની ઇચ્છા ન હતી પરંતુ બોલાઇ ગયું પણ જેના પર વીત્યું હોય તેના હૃદયનો આઘાત તો કાયમી બની જાય છે

હાથની વાત રહી નથી.'' શું અરધો કલાક વહેલા ઊઠવું એ આપણા હાથની વાત નથી? અહીં કેવી વિચિત્રતા નજરે ચડે છે. એક બાજુ આપણે 21મી સદીમાં જીવીએ છીએ જ્યાં સ્વતંત્રતાની અવધારણા વિશ્વના ખૂણે ખૂણે પ્રસરી ગઈ છે અને બીજી બાજુ આ શતાબ્દીમાં સૌથી વધારે પરતંત્રતા આ શબ્દોથી અભિવ્યક્ત થાય છે, 'મારા હાથની વાત નથી! આમાં મારું કાંઈ ચાલે નહીં!'

લોકોને આમ કહેતાં ઘણી વાર સાંભળ્યા હશે, ''શું કરું ક્રોધ ઉપર મારો કાબૂ રહેતો નથી.'' ''આ વ્યક્તિ સામે દેખાય એટલે બોલાઈ જ જાય.'' ''શું કરું ? આ વાનગી થાળીમાં આવે એટલે જમવામાં કાબૂ રહેતો જ નથી.'' આપણા ઉપર આપણો જ કાબૂ નથી એ જ મોટી પરતંત્રતા છે.

આવી પરતંત્રતાથી પોતાને જ નહીં અન્યને પણ મુશ્કેલીઓ નડે છે. કોકને કડવાં વેણ કહેવાઈ ગયા હોય પછી આપણી આ સમજણનો કોઈ અર્થ રહેતો નથી કે આપણે બોલવાની ઈચ્છા ન હતી પરંતુ બોલાઈ ગયું પણ જેના પર વીત્યું હોય તેના હૃદયનો આઘાત તો કાયમી બની જાય છે.

હવે ખરેખર આપણે કહીએ છીએ કે અમુક વસ્તુ પર મારો કાબૂ નથી, સાચે જ એવું છે કે આપણે એવી માન્યતા ઊભી કરી છે!

આને સમજીએ, ધારો કે તમારા પગમાં દુખાવો હોય અને ઑફિસે જવામાં મોડું થાય છે. કારણ પૂછવામાં આવે તો કહેશો, ''પગમાં દુઃખાવો છે એટલે ગતિ ધીમી છે. આમાં હું શું કરું?'' પણ જ્યારે અચાનક તમારી પાછળ હિંસક સિંહ પડે ત્યારે શું થાય? તમારી ગતિ નહીં વધે? એટલે કે ગતિ વધારવા-ઘટાડવા માટે ઉત્તરદાયી તો આપણે પોતે જ છીએ.

ઘણી વાર લોકો માને છે કે લાગણીઓ પર માણસનું નિયંત્રણ નહીંવત્ છે પરંતુ ખરેખર આવું છે? જો નિયંત્રણ હોય તો લાગણીઓને કેવી રીતે નિયંત્રણમાં રાખવી? એક પ્રસંગથી આનો જવાબ જાણીએ.

તા. 24/9/2002ના દિવસે સારંગપુરમાં સાંજે પ્રમુખસ્વામી મહારાજ વરિષ્ઠ સંતો સાથે કચ્છમાં સંસ્થા દ્વારા ચાલી રહેલી ભૂકંપરાહત પુનર્વસન પ્રવૃત્તિ અંગે મીટિંગ કરી રહ્યા હતા. 5:10 વાગ્યે ગાંધીનગરથી એક અર્જન્ટ ફોન આવ્યો.

ફોનમાં જાણ કરી કે અક્ષરધામમાં આતંકવાદીઓ પ્રવેશ્યા છે ને અંધાધૂંધ ગોળીબાર કરી રહ્યા છે. સ્વામીની દૃષ્ટિ ક્ષણભર સ્થિર થઈ ગઈ પણ જરા પણ સ્વસ્થતા ગુમાવ્યા વિના તેમણે તત્ક્ષણ કહ્યું, ''આતંકવાદીઓએ અક્ષરધામમાં ઘણી હિંસા કરી છે પણ હવે ઠાકોરજીને પ્રાર્થના કરીએ કે વધુ હિંસા ન થાય, ખુવારી ન થાય અને એ લોકો પકડાઈ જાય.'' એટલું કહી ધૂન- સ્મરણમાં જોડાયા. ધૂન પછી તરત જ અમુક સંતોને ગાંધીનગર પહોંચવા આજ્ઞા કરી. થોડી જ વારમાં CMની ઑફિસમાંથી ફોન આવ્યો. મુખ્ય મંત્રી નરેન્દ્ર મોદી સાથે વાત કરી તેઓને ઓપરેશન સફળતાથી પાર પડે તેવા આશીર્વાદ આપ્યા.

થોડાક સમય બાદ સુરતના વ્યવસ્થાપકો સાથે મીટિંગ કરી. સુરતમાં અદ્યતન સુવિધાસજ્જ હોસ્પિટલ, વિદ્યાર્થીઓ માટે છાત્રાલય તથા વરાછામાં નવા સંસ્કારકેન્દ્રના બાંધકામ માટે વિમર્શ કરીને સ્વસ્થતાપૂર્વક માર્ગદર્શન આપ્યું.

લાગણી ઉપરનું કેવું નિયંત્રણ! એક તરફ નરરાક્ષસો માનવીને નિર્દય રીતે રહેંસી રહ્યા છે ત્યારે એ જ ક્ષણે એક સંત માનવીને નવું જીવન બક્ષવા એક સાર્વજનિક હોસ્પિટલના નિર્માણમાં વ્યસ્ત છે.

એક તરફ કુસંસ્કારી યુવાનો નિર્મમ હત્યા કરવા તરસ્યા છે ત્યારે એ જ ક્ષણે એક સંત એવા જ યુવાનોના શિક્ષણ, સ્વસ્થતા અને સંસ્કારનું જતન કરવા, છાત્રાલયના નિર્માણ માટે ચિંતિત છે. આજ જ છે દમ અને સત્ત્વ સંશુદ્ધિ.